### અધિકારીઓના પાપે વડોદરા શહેરમાં અઢી વર્ષમાં 1 લાખ થી વધુ ટેન્કરથી પાણી વિતરણ કરવું પડ્યું

# પાણી પુરવઠા વિભાગને 6 માસમાં 42 હજાર ટેન્કરથી પાણી પહોંચાડવું પડ્યું

## પાણી પુરવઠા વિભાગમાં સૌથી વધુ 45 ઇજનેરો છતાં વડોદરા ટેન્કર આધારિત શહેર બન્યું!

**વર્ષ 2023** અને 2024માં સરેરાશ દર મહિને 2000 ટેન્કરથી શહેરમાં પાણી પહોંચાડવામાં આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરમાં પાણી પુરવઠાની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. વર્ષ 2025ના માત્ર પ્રથમ છ મહિનામાં શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજિત 42 હજાર ટેન્કરથી પાણી પહોંચાડવામાં આવ્યું છે. જ્યારે પાલિકાની પાસે પાણી પુરવઠા શાખામાં 45 જેટલા ઈજનેરો કાર્યરત છે ત્યારે પણ દરરોજ અનેક વિસ્તારોમાં ટેન્કરથી પાણી મોકલવાનું થઈ રહ્યું છે, જે તંત્રની બેદરકારી દર્શાવે છે. છેલ્લા બે વર્ષનો રેકોર્ડ જોવામાં આવે તો વર્ષ 2023 અને 2024માં સરેરાશ દર મહિને 2000 જેટલા ટેન્કરથી શહેરમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે. આ બે વર્ષમાં કુલ મળીને અંદાજિત 50 હજાર ટેન્કર પાણી વિતરણ માટે વપરાયા છે. આ આંકડાઓ સ્પષ્ટ સૂચવે છે કે શહેરનું પાણી વિતરણ તંત્ર કાર્યક્ષમ નથી અને હાલત ખરાબ દિશામાં આગળ વધી રહ્યું છે.

ગુજરાતમિત્રના સતત પ્રશ્નો બાદ વડોદરા મહાનગરપાલિકાએ આ આંકડા જાહેર કર્યા છે. જેમાં સાબિત થાય છે કે, પાણી જેવી મહત્વની સુવિધા માટે શહેરમાં ટેન્કર આધારિત વ્યવસ્થા ઉભી થઈ ગઈ છે. વિશેષ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં આ સમસ્યા વધુ ભારે છે.

વિભાગના અંદરના સૂત્રો મુજબ, શિખાઉ અને અનુભવવિહિન હેમલ રાઠોડ જેવા ઈજનેરોને મહત્ત્વની જવાબદારીઓ સોંપાતી હોવાને કારણે સ્થિતિ વધુ નાજુક બની છે. કામગીરીમાં ગેરવ્યવસ્થાની ચર્ચાઓ હવે વિભાગની અંદર જ થવા લાગી છે. આ હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે, વડોદરા મહાનગરપાલિકાનું પાણી પુરવઠા તંત્ર પોતાના ધોરણ પર ખરું ઉતરતું નથી અને સામાન્ય જનતાને તેનુ ભોગવવું પડી રહ્યું છે.

### ચોમાસા દરમિયાન પાણીનો ભયંકર સંકટ, કારેલીબાગનાં રહીશો ટેન્કર પર નિર્ભર

# ચોમાસા દરમિયાન પાણીનું ભયંકર સંકટ, કારેલીબાગનાં રહીશો ટેન્કર પર નિર્ભર

## અક્ષતા, ધનલક્ષ્મી સહિત અનેક સોસાયટીઓમાં પાણી માટે રોષ મહિલાઓ એ માટલા ફોડી વિરોધ નોંધાવ્યો

**15 દિવસથી** પાણીની સપ્લાય બંધ, વહીવટીતંત્ર સામે રહીશોમાં ગુસ્સો, તરત ઉકેલ નહીં આવે તો વિસ્તૃત આંદોલનની ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના જાણીતા કારેલીબાગ વિસ્તારમાં છેલ્લા 15 દિવસથી પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. શહેરના વિવિધ વિસ્તારમાં સતત વરસાદ પડી રહ્યો હોવા છતાં અક્ષતા, ધનલક્ષ્મી, કલાકુંજ, આનંદનગર, જલાધામ, તુલસીવાડી જેવા અનેક સોસાયટીઓમાં રહેનાર રહિશે વહીવટી તંત્ર સામે ભારે અજંપો વ્યક્ત કર્યો છે. પીવાના પાણી માટે રહીશોને ટેન્કર મંગાવીવું પડે છે અને રૂપિયા ખર્ચી જગ દ્વારા પાણી લેવું પડે છે, જેને કારણે તેમની દરરોજની જીવનશૈલી ખોરવાઈ છે.

રહીશોનું કેહવુ છે કે પાણી વિતરણ વ્યવસ્થામાં ખામીઓ અને અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલનની ઉણપના કારણે સ્પષ્ટ રીતે પ્રશ્નો વધ્યા છે. અનેક વાર ફરીયાદો, લેખિત અને ટેલિફોનિક રજૂઆતો છતાં કોઈ સંતોષકારક ઉકેલ લાવાતો નથી. આમ, પીવાના પાણી માટે અઘરા સંજોગોમાં લોકો મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. સ્થાનિક મહિલાઓએ તંત્ર ઉપર રોસ્ટ હલાવતા “પાણી આપો પાણી આપો” ના નારા લગાવ્યા તેમ જ “હાયરે ભાજપ હાય હાય” તેવા સૂત્રો ઉચ્ચાર કર્યા હતા સાથે સાથે સોસાયટીની મહિલાઓ એકત્રિત થઈ માટલા ફોડી કાઉન્સિલરો તેમજ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો. પ્રશ્ન એ છે કે શહેરની બાજુમાં નદી-નાળા છલકાઈ રહ્યા છે અને પાણી પૂરતો ઉપલબ્ધ છે છતાં મતલબી વિતરણ અને વહીવટમાંથી લોકો વંચિત છે. અક્ષતા સોસાયટીઓમાં છેલ્લા બે અઠવાડિયા થી પાણી આવવાનું બંધ હોઈ લોકોને ટેન્કરો પર આધાર રાખવો પડી રહ્યો છે.

આવા સમયમાં અનેક વિસ્તારોમાં રહેનારોએ ખુલ્લેઆમ રોષ દર્શાવ્યો છે અને તંત્રને તરત કંઈક પગલું ભરવાની માંગ ઉઠાવી છે. રહીશોએ ચેતવણી આપી છે કે જો તરત સફળ ઉકેલ ન આવે તો વિસ્તૃત આંદોલન કરવામાં આવશે.

### કલાલી ફાટક પાસે મહિલા પર ત્રાસ ગુજારતા પતિ સહિતના સાસરીયા

# પત્નીને પિયરમાં મૂકી આવ્યા પછી પતિ અન્ય મહિલા સાથે ભાગી ગયો

**દીકરો** કોઇની પણ સાથે ફરે ફાવતુ ના હોય છુટાછેડા આપી તેવી ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

કલાલી ફાટક પાસે રહેતી પરીણીતાના બીજા લગ્ન થયા હતા ત્યારબાદ પણ મહિલાને તેમના પતિ સહિતના સાસરીયા શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. પત્નીને પિયરમાં મુકી આવ્યાં બાદ પતિ અન્ય મહિલાને ભગાડી ગયા હતા. ઉપરાંત એક મહિનાથી પતિ અન્ય મહિલા સાથે સાસરીમાં રહે છે. જેથી પરીણીતાએ પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોધાવી છે.

વડોદરા શહેરના કલાલી ફાટક પાસે રામનગરમાં રહેતા પારૂલબેન મનિષભાઈ તળપદાના પહેલા લગ્ન ડાકોર ખાતે સમાજના રીતરીવાજ મુજબ થયા હતા પરંતુ સામાજીક પ્રશ્નોના કારણે છુટા છેડા થઈ ગયા હતા. વર્ષ 2024માં મહિલાના નડીયાદ ખાતે રહેતા મનિષ ભરત તળપદા સાથે ફુલહાર થયા હતા. સાસરીમાં પરીણીતા પતિ સહિત સાસુ-સસરા તથા જેઠ-જેઠાણી સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. મકાન નાનુ હોવાના કારણે મહિલા પતિ સાથે ભાડેના મકાન રહેતા હતા. જાન્યુઆરી 2024માં તેમના પતિ અન્ય યુવતી સાથે સોશિયલ ઉપર વાતચીત અને વિડીયો કોલ કરતા હોવાની પરીણીતાને જાણ થઇ હતી. જેથી પત્ની તેમના પતિને કહેવા જતા પતિએ તેમની મારઝુડ કરી હતી. પરીણીતાએ સાસુ-સસરા તથા જેઠને કહેવા જતા તઓએ દિકરો કઈ પણ કરે કોઈ સાથે ફરે તારે એ નહિ જોવાનું તેને એટલું બધુ હોય તો તુ છુટાછેડા આપી દે તેવી ધમકી આપી જણાવ્યું હતું. તુ ઘરમાં કઈ કામ ધંધો કરતી નથી તારો આ ઘરમાં કોઈ અધિકાર નથી આજ કાલ મોટી ઉંમરના લોકો બે-ત્રણ બૈરા રાખે છે તેમનો ભાઈ રાખે એમા શું નવાઈ છે. તારે રહેવુ હોય તો રહે નહિ તો જતી રહે તારા પિયર તેવુ કહી ઝઘડો કર્યો હતો ત્યારબાદ પતિને ચડામણી કરતા પતિએ પરીણીતાને માર માર્યો હતો. માર્ચ 2025માં પરીણીતાને તેમના પતિ પિયરમાં મુકી ગયા હતા. તેઓએ સાસરીવાળાને ફોન કરી તેમને તેડી જવા કહેવા છતાં આજ-દિન સુધી તેડી ગયા નથી. ગત 19 એપ્રિલના રોજ તેમના પતિ અન્ય યુવતીને લઈને ભાગી ગયા હતા. એક મહિનો બહાર રોકાયા બાદ હાલમાં તેમના પતિ તથા યુવતી સાસુ-સસરા સાથે રહે છે.

### સફાઈની અછત અને ગંદકીના કારણે મચ્છરજન્ય રોગોનો ભય

# અભિલાષા પોદાર પુલ અધૂરો: વરસાદમાં પાણી ભરાવા અને ગંદકીથી લોકો પરેશાન

**સાંજ** પડતા ટ્રાફિક જામ અને અવરજવમાં નાગરિકોને ભારે હાલાકી



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરામાં અભિલષાથી પોદાર સ્કૂલ જોડતો પુલ ઘણા સમયથી અધુરી કામગીરીના કારણે વરસાદમાં વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે અને પુલની નીચે આવેલા નિકાસના પાઈપો પણ કચરા અને માટીથી બ્લોક થઈ ગયા હોવાથી વરસાદી પાણી યોગ્ય રીતે જલ્દી નિકળતું નથી. જેના કારણે નજીકના કેનાલમાં ગંદકી અને કચરો ફેલાઈ ગયો છે.

વરસાદ દરમિયાન આ વિસ્તારનું પાણી ભરાઈ રહેતું હોવાથી લોકોને ભારે તકલીફો થતી હોય છે. પાણી ભરાય જતા મચ્છરો વધે છે, જેના કારણે મેલેરિયા અને ટાઈફોઈડ જેવા રોગ ફેલાય છે અને લોકો બિમાર પડે છે. આ વિસ્તારમાં સાંજે પડતા રોડ પર ટ્રાફિક પણ ખૂબ જમાવટ થાય છે. લોકો દિવસભરની મોટાભાગની આવજાવમાં ખુબજ મુશ્કેલી અનુભવતા હોય છે. લોકો ની માંગ છે કે આ પુલની કામગીરી તાત્કાલિક પૂરી કરીને ટ્રાફિક અને પાણી ભરાવાની સમસ્યા દૂર કરવામાં આવે. સફાઈ ન હોવાને કારણે પુલની નીચે ભૂંગળામાં કચરો અને માટી ભરાઈ રહી છે. આથી વરસાદી પાણી નિકળતું નથી અને ગંદકી વધે છે. પાલિકા તંત્રને તુરંત આ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ જેથી લોકોની સમસ્યા હલ થઇ શકે.

### દંડની રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવા આદેશ

# ચેક બાઉન્સ કેસમાં આરોપીને 3.60 લાખનો દંડ અને 4 માસની સાદી કેદ

**જો** આરોપી દંડની રકમ ન ભરે તો વધુ 2 માસની સાદી કેદનો હૂકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ગોત્રી પ્રભાત ટ્રેડિંગ ના માલિક ધર્મેન્દ્રભાઈ રામજીભાઈ પ્રજાપતિ જેઓ અનાજ કરિયાણા, ખાણીપીણી ઈત્યાદીનો વ્યવસાય કરતા વેપારી પાસેથી ઓળખીતા વીકી શ્યામભાઈ તલવાની મેસર્સ યુનાઈટેડ માર્કેટિંગ ના માલિક અને વહિવટકર્તા રહે. ઝૂલેલાલ સોસાયટી, વેરાયટી પાન કોર્નર પાસે,ગોત્રીરોડ, વડોદરા એ વર્ષ 2021-22 માં પેકિંગ માલ દાહોદ ખાતે મોકલી વપરાશ કર્યો હતો જેના બાકી લેણાં પેટે રૂ 3,99,950 સામે રૂ.10,000આપી તે રકમ બાદ કરતાં રૂ 3,89,950બાકી લેણી રકમનું લખાણ કરી સહીં સિક્કો કરી દર મહિને રૂ.50,000ચૂકવી આપવા માટે બાંહેધરી આપી હતી ત્યારબાદ ચૂકવણી બાદની લેણી રકમ રૂ 2,89,950 નો વીકી શ્યામભાઈ તલવાનીએ તા. 02-08-2023 ને તેઓની પેઢી મેસર્સ યુનાઈટેડ માર્કેટિંગ નો બેંક ઓફ બરોડા,ગોદીરોડ,દાહોદ નો ચેક તેઓની પેઢીના નામથી લખી આપ્યો હતો આ ચેક વેપારી ધર્મેન્દ્રભાઈ પ્રજાપતિએ બેંકમાં જમા કરાવતા તે તા. 04-08-2023 ના રોજ બેંક મેમો ‘પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોવર ‘ થી પરત ફર્યો હતો આ અંગે બેંકે જાણ કરતાં વેપારી ધર્મેન્દ્રભાઈએ વીકી શ્યામભાઈ તલવાનીને જાણ કરી હતી પરંતુ વીકી તલવાનીએ આ રકમનું ચૂકવણું આજદિન સુધી ન કરતાં વેપારી ધર્મેન્દ્રભાઈએ ચેક રિટર્ન મામલે પોતાના વકીલ ભૌમિક શાહ મારફતે કાયદેસરની નોટિસ તા.03-09-2023ના રોજ પોસ્ટ કરી તેમજ વેપારી ધર્મેન્દ્રભાઈએ વીકી શ્યામભાઈ તલવાનીને તેઓના વોટ્સએપ મારફતે મોકલેલ જે નોટિસ આરોપી વીકી શ્યામભાઈ તલવાનીને તા.05-09-2023 ના રોજ બજવણી થ ઈ ગયો હતો તે નોટીસનો આરોપીએ કોઈ જવાબ નથી આપ્યો તથા જરૂરી સમય મર્યાદામાં ચેક પેટેની રકમ રૂ 2,89,950ન ચૂકવતા ગુનો આચર્યો હતો આ અંગે વેપારી ધર્મેન્દ્રભાઈએ ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138,141 અન્વયે વીકી શ્યામભાઈ તલવાની સામે ફરિયાદ નોંધાવતા બીજા એડિશનલ જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટ દ્વારા આરોપી વીકી શ્યામભાઈ તલવાનીને તથા મેસર્સ યુનાઈટેડ માર્કેટિંગ નામની પેઢીને તકસીરવાન ઠેરવી તેમજ આરોપી નં.2 મેસર્સ યુનાઈટેડ માર્કેટિંગ ને રૂ3,60,000નો દંડ અને વીકી ને ચાર માસની સાદી કેદનો હૂકમ અને આરોપી નં2ને કરેલ દંડ રૂ 3,60,000નો દંડ તેના માલિક અને વહિવટકર્તા ને ભરપાઈ કરવાનો હૂકમ કર્યો હતો અને જો દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદનો હૂકમ કર્યો હતો.વધુમા દંડની રકમ રૂ 3,60,000 માંથી વેપારી ધર્મેન્દ્રભાઈ ને રૂ 3,60,000 સી આર પી સી ની કલમ 357(1) મુજબ વળતર ચૂકવવા હૂકમ કર્યો છે.

### ઠેકરનાથ દશામાની યાત્રાને લઈ નો પાર્કિંગ, નો એન્ટ્રી તથા રૂટ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના ઠેકરનાથ મહાદેવ મંદિર પાસે, અજબડી મિલની પાછળ કિશનવાડીમા દશામાની મૂર્તિની આગમન યાત્રા 19 જુલાઇના કાઢવામાં આવનારી છે. ત્યારે તેમાં 25 હજારથી વધુ ભાવિક ભક્તો જોડાવાના છે. આ યાત્રાને લઈને લોકોને મુશ્કેલી ના પડે તેના માટે તેમજ ટ્રાફિકના યોગ્ય સંચાલનને લઈને નો પાર્કિંગ, નો એન્ટ્રી, વૈકલ્પિક વ્યવસ્થા તેમજ વાયવર્ઝન માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે. ત્યારે ઈન્ચાર્જ પોલીસ કમિશનર ડો. લીના પાટીલ જાહેરનામુ પ્રસિદ્ધ 19 જુલાઈના રોજ 4 વાગ્યાથી આગમન યાત્રા પૂર્ણ ન થાય ત્યા સુધી અમલમાં રહેશે. કરાયું છે. ત્યારે નાલંદ પાણીની ટાંકી ચાર રસ્તાથી ઉમા સર્કલ, મહાવિરી હોલ ચાર રસ્તા થઇ ગધેડા માર્કેટ ચાર રસ્તા સુધી, ગધેડા માર્કેટ ચાર રસ્તાથી સુભાષ ચોક કિશનવાડી ઠેકરનાથ મહાદેવ મંદિર સુધી રોડની બંને સાઈડ તમામ પ્રકારના વાહનો માટે નોપાર્કિંગ ઝોન જાહેર કરાયાં છે.

# જ્વેલર્સ-મોબાઈલની દુકાનમાંથી 7 સોના-ચાંદીની ચેન અને બે મોબાઈલની ચોરનાર ઝડપાયો

**ક્રાઈમ** બ્રાન્ચે એલ એન્ડ ટી સર્કલ પાસેથી ગઠીયાને દબોચી બાઈક સાથે રૂપિયા 5.44 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં જ્વેલર્સ તથા મોબાઈલની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં ગઠિયો જતો હતો. ત્યારબાદ વસ્તુ બતાવવાના બહાને સોના ચાંદીની ચેન તથા મોબાઈલની સરકાવી ચોરી કરી લેતો હતો. ત્યારે ક્રાઈમ બ્રાંચે આ ચોરને કારેલીબાગ એલ એન્ડ ટી સર્કલ રાત્રી બજાર પાસેથી ઝડપી પાડયો હતો. તેની પાસેથી સોના ચાંદીના ચેન 7 તથા 2 મોબાઈલ મળી રૂ.5.44 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે અલગ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવ્યો છે.

જ્વેલર્સ અને મોબાઈલની દુકાને ગ્રાહક તરીકે જઈ દુકાનદારની નજર ચુકવી સોનાચાંદીની ચેઈનો અને મોબાઈલો ચોરી કરનાર આરોપીને પકડી રૂપિયા પાંચ લાખથી વધુ કિમંતનો મુદ્દામાલ કબજે કરી ૦૭ (સાત) ગુના ડીટેકટ કરતી વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચ વડોદરા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં આવેલ જવેલર્સ અને મોબાઈલ ફોનની દુકાનો પર ગ્રાહક તરીકે આવી અજાણ્યા શખ્સ દુકાનદારની નજર ચુકવી સોનાની તેમજ ચાંદીની ચેઈનો અને મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઇ જતો હતો. ત્યારે આ ચોરને ઝડપી પાડયા માટે ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા જે વિસ્તારમાં ઘટના બની છે તે વિસ્તાર ના સીસીટીવી ફુટેજ અને હ્યુમન સોર્સ આધારે તપાસ કરી આરોપીને શોધી કાઢવા સતત પેટ્રોલીંગ કરવામાં આવતું હતું. દરમ્યાન બે દિવસ પહેલાં મળેલી બાતમી આધારે એલ એન્ડ ટી સર્કલ પાસે રાત્રીબજારનાં ગેટ પાસેથી અરવિંદ આસુ ગવારીયા (રહે. સુભાનપુરા પટેલ ફળિયું, સુભાનપુરા ગામ, વડોદરા શહેર, મૂળ રહે. હમીરપુરા ગામ, કુશલગઢ જી. બાંસવાડા, રાજસ્થાન)ને ઝડપી પાડયો હતો.તેના પેન્ટના ખીસ્સામાંથી એક મોબાઈલ ફોન તેમજ તેની પાછળ લટકાવેલી બેગમાંથી સોનાની ચેઈન 4 તેમજ ચાંદીની ચેઈન 3 મળી 7 સોનાની અને નવા બૉક્સ સાથે એંડ્રોઈડ મોબાઈલ ફોન 2 મળી આવ્યા હતા. પોલીસે પાસે મોબાઈલ અને સોનાની ચેનના બિલ માંગતા રજુ કરી શક્યો નહોતો.



**ક્યાંથી શું ચોરાયું**

હરણી પો.સ્ટે.- સોનાની ચેન
લક્ષ્મીપુરા પો.સ્ટે. સોનાની ચેન
પાણીગેટ પો.સ્ટે - મોબાઈલ ફોન
ગોત્રી પો.સ્ટે - મોબાઈલ ફોન
સીટી પો.સ્ટે.- સોનાની ચેઈ
ગોરવા પો.સ્ટે. ચાંદીની બે ચેન
ગોરવા પો.સ્ટે.- સોનાની ચેન

જેથી તેની કડકાઈથી પુછપરછ કરતા તેને રૂપીયાની જરૂર હોવાથી જુદા-જુદા વિસ્તારોમાં જવેલર્સ અને મોબાઈલની દુકાનોમાં ગ્રાહકના બહાને સોના ચાંદીની ચેઈનો તથા મોબાઈલ ફોન ખરીદ કરવાની વાત કરી જોવાના બહાને દુકાનદારની નજર ચુકવી ચોરી કરી લીધા હોવાની કબૂલાત કરી હતી. છેલ્લા સાડા ત્રણ માસ દરમ્યાન કરેલાનુ અને તેની પાસેથી મળેલા સોનાચાંદીની ચેઈન 7 અને નવા 2 મોબાઈલ તેમજ બાઈક સહિત રૂ. 5.44 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે ગોરવા, લક્ષ્મીપુરા, હરણી, ગોત્રી, સીટી, પાણીગેટ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવશે.


### ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની સાદી કેદ

# કેળાની ખરીદી કરી 3 લાખના ચેક રિટર્ન થતાં એક માસમાં રૂપિયા ચૂકવી આપવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

મૂળ છાણીના ઉંડા ફળિયામાં રહેતા મૈયત પરસોત્તમભાઈ બેચરભાઈ પટેલના વારસો હિતેશભાઈ પરસોત્તમભાઈ પટેલ વિગેરે ખેતીની જમીન મોજે સાંકરદા ગામે ખાતા નં.783જેનો રે સર્વે નં.649આવેલ છે જે જમીન આશરે દસ વીઘા છે જેમાં તેઓ વર્ષોથી કેળાની ખેતી કરતા આવ્યા છે તેમાં તૈયાર થતા કેળાનો પાક સમયાંતરે કટિંગ કરી બજારભાવે જમીન ઉપર આવી લઈ જવાનો કોન્ટ્રાક્ટ જયા લક્ષ્મણભાઈ પટેલ તે ક્રિશ્ના એન્ડ કં ના પ્રોપ્રાઈટર,રહે 102, અમીતનગર,છાણી રામાકાકા રોડ સાથે વર્ષોથી કરતા હોય વ્યાપારિક સંબંધો છે. ગત સિઝનમાં ફરિયાદીની જમીન પર લગભગ રૂ.9,38,699ની કિંમતના કેળાંનો પાક તૈયાર થયો હતો જે આરોપી જયા પટેલ લઈ ગયા હતા અને જેની વજનકાંટાની પાવતી પહોંચ ફરિયાદીને આપી હતી આ બાકીની રકમ રૂ 9,38,699 ની સામે જયા પટેલે રૂ.5,51,380 ટૂકડે ટૂકડે રોકડેથી ચૂકવી આપ્યાં હતાં જ્યારે બાકીની રકમ રૂ 3,87,319 ની રકમની માગણી કરતાં જયા પટેલે રૂપિયા ત્રણ લાખના બેંક ઓફ બરોડા છાણી શાખાના રૂપિયા એક -એક લાખના ત્રણ ચેક આપ્યા હતા જે તા.25-06-2019 ના રોજ ‘ઈનસફિસિયન્ટ ફંડ’ તરીકે તા26-06-2019 ના રોજ પરત ફરતા ફરિયાદીએ વકીલ મારફતે ડિમાન્ડ નોટિસ આપી પંદર દિવસમાં ચેકની રકમ ચૂકવવા જાણ કરી હતી.આ નોટિસ બજવણી થયા છતાં આરોપીએ રકમ ન ચૂકવી પોતાના વકીલ વમારફતે જવાબ આપ્યો હતો ત્યારબાદ આરોપી સામે ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 અનન્વયે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં સમન્સની બજવણી થતાં આરોપી પોતાના વકીલ સાથે કોર્ટમાં હાજર રહ્યા હતા.આ કેસમાં જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ની કોર્ટ દ્વારા ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ 255(2) અનન્વયે આરોપી જયા લક્ષ્મણભાઈ પટેલ તે ક્રિશ્ના એન્ડ કં ના પ્રોપ્રાઈટર ને ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ તકસીરવાન ઠેરવી 6 માસની સાદી કેદનો તથા ફોજદારી કાર્યવાહી સંહિતા ની કલમ 357(3) મુજબ આરોપીને ચેકની રકમના રૂ 3,00,000 વળતર પેટે એક માસમાં ફરિયાદીને ચૂકવી આપવાનો હૂકમ કર્યો હતો સાથે જ આરોપીને ક્રિમીનલ પ્રોસિજર કોડ 1973ની કલમ 428 અનન્વયે કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવા તથા એકસાથે સજાનો હુકમ કર્યો હતો.

# ફતેપુરા વિસ્તારમાંથી અઢી લાખનો દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો




**પીસીબી** પોલીસે બૂટલેગરને દબોચ્યો, રૂ.2.56 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ફતેપુરા વિસ્તારમાં કોયલી ફળિયા પાસે મહાદેવ ફળિયાના મકાનમાં પીસીબી પોલીસે રેડ કરીને રૂ.2.50 લાખના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે બૂટલેગર ઝડપી પાડ્યો હતો. પીસીબીએ રૂ.2.56 લાખનો મુદ્દામાલ અને આરોપી આગળની કાર્યવાહી માટે સિટી પોલીસને સોંપ્યો છે.

વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારમાં ફતેપુરા કોયલી ફળિયા પાસે મહાદેવ ફળિયામાં રહેતા નિકુંજ ઉર્ફે બાબા વાઘેમોરેના પોતાના સંયુક્ત અલગ અલગ ઘરોમાં વિદેશી દારૂનો જથ્થા લાવીને સંતાડવામાં આવ્યો છે. આ લોકો દારૂનું છુટક વેચાણ કરે છે. જેથી મળેલી બાતમીના આધારે પીસીબી પોલીસની ટીમે ફતેપુરા વિસ્તારમાં રેડ કરી હતી. ત્યારે એક શખ્સ સ્થળ પરથી નિકુંજ ઉર્ફે બાબા હિંમતરાવ વાઘમોરેને ઝડપાયા હતા. પોલીસે તેને સાથે રાખીને સ્થળ પર તપાસ કરી હતી ત્યારે રૂ. 2.42 લાખનો વિદેશી દારૂ, 8 હજારના બિયરના ટીમ તથા એક મોબાઈલ મળી રૂ.2.56 લાખનો મુદ્દામાલ કબજે કરીને સિટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આરોપી નિકુંજ વાઘમોરે વિરુદ્ધ 10 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલા છે.

### આરોપી ડુપ્લિકેટ ચલણી નોટના ગુનામા કેદી રાજપીપળા જેલમાં સજા કાપતો હતો

# જાત જામીન પર મુક્ત થયા બાદ પાંચ માસથી ફરાર રીઢો આરોપી ઝડપાયો

**ક્રાઇમ** બ્રાન્ચે ખોડિયારનગર વિસ્તારમાં આરોપી ઝડપી પાડ્યો પરત સોંપ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.18

પાનવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડુપ્લિકેટ ચલણી નોટના ગુનામાં રાજપીપળા જેલમાં સજા કાપી રહેલા કેદી જાત જામીન પર મુકત થયો હતો. ત્રણ દિવસ બાદ ફરી જેલમાંથી કેદી હાજર થવાનું હતું પરંતુ કેદી બારોબાર ફરાર થઇ ગયો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે વડોદરા ખોડિયારનગર વિસ્તારમાં આવતા તેને ઝડપી પાડી પરત રાજપીપળા જેલના હવાલે કરાયો છે.

છોટાદેપુર જિલ્લાના પાનવડ વિસ્તારમાં કુખ્યાત અનિલ ઉર્ફે એન્થોની મુલચંદ ગંગવાણી (રહે. વડોદરા) તેના સાગરીતોએ વેપારી પાસેથી આઠ વખત ભુસુ ઉધારમાં લઈ જઇ હતા. જેની સામે રૂ.5.40 લાખની ડુપ્લિકેટ નોટો પધરાવી છેતરપિંડી આચરી હતી. ત્યારબાદ વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આ ગુનામાં પોલીસે દિપકકુમાર શર્માની ધરપકડ કરીને તેને જેલ હવાલે કર્યો હતો. ત્યારે આરોપી જેલમાં રાજપીપળા જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપતો હતો ત્યોર તેણે કેદી જાત જામીન પર 8 ફેબ્રુઆરી 2025ના રોજ રાજપીપળા જેલમાંથી મુક્ત કરાયો હતો અને પરત તેને 10 ફેબ્રુઆરીના રોજ હાજર થવાનુ હતું. પરંતુ કેદી પરત હાજર થયો ન હતો અને બારોબાર ફરાર થઇ છેલ્લા પાંચ મહિનાથી નાસતો ફરતો હતો.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને 18 જુલાઈના રોજ બાતમી મળી હતી કે આ ફરાર કેદી હાલમાં ખોડિયારનગર ભાથુજીનગર ખાતે આવ્યો હોવાની બાતમી મળતા ત્યાં ક્રાઈમ બ્રાન્ચે રેડ કરી દિપક શર્માને ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આરોપી વિરુદ્ધ લુંટ,ચોરી, ઘરફોડ ચોરી, મારામારી, ગેરકાયદે અગ્નિશસ્ત્રો રાખવાના તથા ફાયરિંગ સહિતના 10 જેટલા ગુના મુંબઈ, રાજકોટ, આણંદ ખાતે ગુના નોંધાયેલા છે.